# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 30-01-2025 Day: Thursday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **આરતી ભટ્ટ** વાંચે છે.

---

## પક્ષોની સર્વદલીય બેઠક

સંસદના બજેટ સત્ર પહેલા સરકારે આજે નવી દિલ્હીમાં સર્વપક્ષીય બેઠક બોલાવી છે. આ સમયગાળા દરમિયાન, સરકાર તમામ પક્ષોના અગ્રણી નેતાઓ સાથે ચર્ચા કરશે અને સત્રનું સુચારુ સંચાલન સુનિશ્ચિત કરવા માટે પક્ષો પાસેથી સહયોગની અપેક્ષા રાખશે.

--------------------------------------------------------------------------------

## મૌની અમાસ સ્નાન

મૌની અમાસ નિમિત્તે મહાકુંભનું બીજું અમૃત સ્નાન ત્રિવેણી સંગમ ખાતે યોજાયુ હતું જેમાં કરોડો શ્રધ્ધાળુઓ ત્રિવેણીમાંડૂબકી લગાવી હતી. કુંભમેળો શરૂ થયો છે ત્યારથી 19 કરોડ 94 લાખ શ્રદ્ધાળુઓએ ત્રિવેણી સંગમ ખાતે પવિત્ર સ્નાન કર્યું છે. મૌની અમાસે અખાડાઓના સંતોએ ત્રિવેણી સંગમ ખાતે અમૃત સ્નાન કર્યું. આ પ્રસંગે સંતો પર પુષ્પવર્ષા કરવામાં આવી હતી.

--------------------------------------------------------------------------------

## મહાકુંભ ધક્કામુકી

ઉત્તરપ્રદેશમાં પ્રયાગરાજ ખાતે ચાલી રહેલા મહાકુંભમાં થયેલી ધક્કામુક્કીમાં એક ગુજરાતી સહિત 30 શ્રધ્ધાળુનાં મૃત્યુ અને 60ને ઇજા થઈ છે. મૃતકોમાંથી 25 લોકોની ઓળખ થઈ ચૂકી છે. મૃતકોમાં કર્ણાટકના 4 શ્રદ્ધાળુઓનો સમાવેશ થાય છે. કુંભનાં મેળા અધિકારી

ડીઆઇજી વૈભવ ક્રિશ્નાએ પત્રકાર પરિષદમાં જણાવ્યું કે, ભીડ બેરીકોડ તોડીને ધસી આવતા આ દુર્ઘટના સર્જાઈ હતી.

મહાકુંભમાં ભાગદોડની ઘટના અંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ગૃહમંત્રી અમિત શાહે દુઃખ વ્યક્ત કર્યું હતું.  પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ શોક વ્યક્ત કર્યો હતો.

-------------------------------------------------------------------------------

## પ્રખરતા શોધ કસોટી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે પ્રખરતા શોધ કસોટીની પરીક્ષા યોજાશે. 34 જિલ્લાન 169 કેન્દ્રો ઉપર 391 બિલ્ડીંગમાં આજે પરીક્ષા યોજાશે. રાજ્યની 4 હજાર 116 શાળાઓના ધોરણ 9માં અભ્યાસ કરતા 1 લાખ 3 હજાર 352 વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપશે જેમાં ગુજરાતી, અંગ્રેજી, સામાજી વિજ્ઞાન, સામાન્ય જ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને માનસિક ક્ષમતા વિષયોની પરીક્ષા યોજાશે.

-------------------------------------------------------------------------------

## રાષ્ટ્રીય પરેડ-ગુજરાત ટેબ્લો

નવી દિલ્હીમાં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના ટેબ્લોને સતત ત્રીજા વર્ષે પ્રથમ ક્રમાંકે મળ્યો છે. સત્તાવાર યાદી મુજબ, વર્ષ 2024માં 'ક્લિન ગ્રીન એનર્જીયુક્ત ગુજરાત' ટેબ્લૉ, વર્ષ 2023માં 'ધોરડો, વર્લ્ડ બેસ્ટ ટૂરિઝમ વિલેજ' ટેબ્લો અને આ વર્ષે 'આનર્તપુરથી એકતાનગર સુધી- વિરાસતથી વિકાસનો અદભૂત સંગમ' ટૅબલોને સતત ત્રીજા વર્ષે 'પૉપ્યુલર ચૉઈસ' શ્રેણીમાં સમગ્ર દેશમાંથી સૌથી વધુ મત મળ્યા છે.

-------------------------------------------------------------------------------

## શહીદ દિન

દેશને આઝાદી અપાવવામાં પ્રાણની આહુતિ આપનારા વીરોની સ્મૃતિમાં 30 જાન્યુઆરી આજે શહીદ દિન તરીકે ઉજવાય છે. જિલ્લામાં શહીદ દિન નિમિત્તે સવારે 11 વાગ્યે બે મિનિટનું

મૌન પાળીને શહીદોને શ્રદ્ધાંજલિ અપાશે. નાગરિકો આ સમયે જ્યાં હોય ત્યાં બે મિનિટનું મૌન પાળે તેવી અપીલ તંત્રે કરી છે

---

## હવામાન

હવામાન વિભાગે આગામી બે અને ત્રણ ફેબ્રુઆરીએ રાજ્યના કેટલાક જિલ્લાઓમાં કમોસમી વરસાદની આગાહી કરી છે. દરમિયાન ગત 24 કલાકમાં ચાર ડિગ્રીના ઘટાડા સાથે સૌથી ઓછું 10 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન કચ્છના નલિયામાં નોંધાયું હોવાનું હવામાન વિભાગના નિદેશક ડૉ. એ. કે. દાસે જણાવ્યું હતું.

---

## રક્તપિત અંગે જાગૃતિ

રાજ્યભરમાં રક્તપિત્ત અંગે લોકોના જાગૃત કરવા આજથી વિશેષ અભિયાનનો પ્રારંભ થશે. 13 ફેબ્રુઆરી સુધી ચાલનારા ‘સ્પર્શ રક્તપિત્ત જાગતિ અભિયાન’ દરમિયાન નાગરિકોમાં રક્તપિત્ત અંગે જાગૃતિ લાવવા માટે કામગીરી કરાશે. ડિસેમ્બર 2024 સુધીમાં 12 હાઈ એન્ડેમિક જિલ્લાઓ પૈકી દાહોદ, મહીસાગર, નવસારી, પંચમહાલ, સુરત અને વડોદરામાં રક્તપિત્તનું પ્રમાણદર એક ટકાથી ઓછું લાવવામાં સફળતા મળી હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---

## જીપીએસસી પરીક્ષા

ગુજરાત જાહેર સેવા આયોગ- **GPSC** દ્વારા 79 સંવર્ગની જગ્યાઓ ભરવા માટે સમયપત્રક જાહેર કરાયું છે. તે મુજબ, 160 **DySO** એટલે કે, ડેપ્યુટી સેક્શન ઑફિસર અને નાયબ મામલતદાર, શિક્ષણ સેવા વર્ગ બેની 300 જગ્યા, રાજ્ય વેરા નિરીક્ષકની 323 જગ્યા તેમજ વહીવટી સેવા વર્ગ એક અને બેની 100 જગ્યાઓ મળી કુલ એક હજાર 751 વિવિધ જગ્યાઓ પર ભરતી કરાશે તેમ **GPSC**ના અધ્યક્ષ હસમુખ પટેલે જણાવ્યું હતું.